# Dr. Babasaheb Ambedkar Open University

**(Established by the Government of Gujarat)**

# Bachelor of Social Work

# (BSW)

# Programme Guide

## School of Humanities & Social Sciences

**Dr. Babasaheb Ambedkar Open University**

**'Jyotirmay' Parisar,**

**Dr. BAOU Marg, S. G. Highway, Chharodi**

**Ahmedabad - 382481, Gujart**

1. **સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ લક્ષ્યાંક:**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તાજેતરની ઉચ્ચશૈક્ષણિક પદ્ધતિઓ અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વિવિધ કુશળતમ ઉચ્ચ શિક્ષણ અને તાલીમ આપવાનો હેતુ છે. સાથે સાથે યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારાઓને ઘર બેઠા ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનો છે. તદનુસાર યુનિવર્સિટી શિક્ષણની ગતિ અને સ્થાનના સંદર્ભમાં એક અનુકૂળ અભિગમ અપનાવે છે જેથી સમાજના તે વિભાગને સમાવી શકાય કે જે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી ગયા છે તથા શિક્ષિત લોકો માટે પોતાના જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરવાનો હેતુ કેન્દ્રસ્થાને છે.

2. **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉદ્દેશો:**

- ✓ અત્યાધુનિક સંચાર માધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાન સંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- ✓ રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- ✓ સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- ✓ રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટીના માધ્યમથી દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને પ્રોત્સાહિત કરવી.
- ✓ યુનિવર્સિટી શિક્ષણથી વંચિત વિદ્યાર્થી સમુદાય તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધુરો રહી ગયો હોય તેમને ઘરબેઠા અભ્યાસ કરવાની અનુકુળતા.
- ✓ શ્રમજીવીઓ અને ગૃહિણીઓની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવી.

✓ નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત કે જેલમાં સજા ભોગવતા કેદીઓ, અંતરિયાળ ગ્રામ વિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક પૂરી પાડવી.

## 3. સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમના લક્ષ્યાંક સમૂહો

i) સરકારી-બિનસરકારી સેવા સંસ્થાઓ માટે કાર્યકરો તૈયાર કરવા.

ii) સમાજકાર્ય અને જાહેર સેવાઓની ભારતીય પરંપરાઓનો અભ્યાસ કરવો.

iii) ઉચ્ચ શિક્ષણના માધ્યમથી સામાજિક કાર્યો અને જાહેર ક્ષેત્રમાં રચનાત્મક કાર્યોની પરંપરાનું શિક્ષણ આપવું.

iv) સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક સમજણ પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવશે.

v) સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને વ્યક્તિગત જીવન અને સમાજના વિશાળ પરિબળો વચ્ચેના જોડાણોનું અન્વેષણ અને વિશ્લેષણ કરવા માટે સક્ષમ કરવાનો હેતુ ધરાવે છે.

vi) સમાજકાર્યમાં સ્નાતક (BSW)ના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને વિવેચનાત્મક સૂઝ કેળવવાનો હેતુ છે.

vii) સમાજકાર્યમાં સ્નાતક (BSW)નો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ગુજરાત તથા ભારતીય સમાજની સંકુલતા અને વૈવિધ્યનો અભ્યાસ કરાવશે.

viii) સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ દ્વારા ઉચ્ચ શિક્ષણ અને સંશોધનને આગળ વધારવાનો હેતુ ધરાવે છે.

ix) સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ સરકારના સમાજકલ્યાણ વિભાગોમાં સરકારી નોકરી માટે જરૂરી લાયકાત માટે વિદ્યાર્થીઓને કેળવે છે.

x) સમાજકાર્યના શિક્ષણ દ્વારા સમાજને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ કે સમસ્યાઓ વિશે ક્ષેત્રકાર્ય કરાવી અહેવાલ તૈયાર કરાવી સરકારી યોજનાઓ સાથે વિનિયોગ સાધી પરિણામલક્ષી કામગીરી કરવી.

## 4. દૂરવર્તી શિક્ષણ પદ્ધતિમાં સમાવિષ્ટ અભ્યાસક્રમની મંજૂરી

UGC–DEB ODL અધિનિયમ – 2017 અન્વયે વખતો-વખત મળેલ માર્ગદર્શિકા તથા **NEP-2020** અન્વયે તથા યુનિવર્સિટીના સર્વોચ્ચ સત્તામંડળના આદેશ અન્વયે રચાયેલી સમાજકાર્યમાં સ્નાતક (BSW) વિષય સમિતિ દ્વારા UGCના મોડેલ કરીક્યુલમને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ અભ્યાસક્રમ સ્કૂલ કાઉન્સિલમાં સૈદ્ધાંતિક મંજૂરી મળ્યેથી UGC–DEBના શૈક્ષણિક વર્ષો મુજબ મંજૂર થયેલ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

## 5. સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમની યોજના

### 5.1 **સમાજકાર્યમાં** સ્નાતક (BSW) **અભ્યાસક્રમની યોજના** :-

સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમની રચના UGC-DEB આધારિત માર્ગદર્શિકા અને UGC મોડેલ અભ્યાસક્રમ માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને સમાજકાર્યમાં સ્નાતક (BSW) ના પાઠ્યક્રમો નક્કી કરવામાં આવે છે.

### 5.2 **સમાજકાર્યમાં** સ્નાતક (BSW)**) અભ્યાસક્રમની રચના :-**

યુનિવર્સિટી દ્વારા નક્કી થયેલા તજજ્ઞોની વિષય સમિતિ તથા વિભાગના અધ્યાપકો દ્વારા સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે છે. જે યુનિવર્સિટી સત્તામંડળ સૈદ્ધાંતિક મંજૂરી મળ્યેથી અભ્યાસક્રમ અમલી કરવામાં આવે છે.

### 5.3 **સમાજકાર્યમાં** સ્નાતક (BSW) **અભ્યાસક્રમનું સ્વરૂપ :-**

- વિદ્યાર્થીઓએ 21 થીયરી વિષયો શીખવા જરૂરી છે.
- ક્ષેત્રકાર્ય એ સ્નાતક (BSW) અભ્યાસક્રમનો અભિન્ન અને ફરજિયાત ભાગ છે.

- પ્રત્યેક સેમેસ્ટર દરમિયાન તમામ વિદ્યાર્થીઓએ ક્ષેત્રકાર્ય પૂર્ણ કરવું અને ક્ષેત્રકાર્યનો દૈનિક રિપોર્ટ અને ટર્મ- એન્ડ રિપોર્ટ તૈયાર કરવો ફરજિયાત છે.
- સ્નાતક (BSW) અભ્યાસક્રમના છઠ્ઠા અને અંતિમ સેમેસ્ટર દરમિયાન, વિદ્યાર્થીઓએ સંશોધન અથવા કેસ સ્ટડી કરવા અને તેના પર પ્રોજેક્ટ વર્ક રિપોર્ટ તૈયાર કરવાનો છે.

**5.4 સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમની સ્વાધ્યાય વહેંચણી :-**

સમાજકાર્યમાં સ્નાતક (BSW) પાઠ્યક્રમ દીઠ નિયત સ્વાધ્યાય કાર્યો દ્વારા સતત મૂલ્યાંકન થાય છે. જેનો ભારાંક 30% છે. જેમાં કુલ 30 ગુણાંક આધારિત પાઠ્યક્રમ દીઠ સ્વાધ્યાય પ્રશ્નપત્ર તૈયાર કરી વિદ્યાર્થીઓને આપવામાં આવે જે નિયત સમયગાળા દરમિયાન વિદ્યાર્થી સ્વાધ્યાય કરી લેખન સ્વરૂપે પોતાના પસંદ કરેલ અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવવું. મહાવિદ્યાલયના અધિકારી આ સ્વાધ્યાયનું સમાજકાર્યમાં સ્નાતક (BSW)ના તજજ્ઞ પાસે મૂલ્યાંકન કરાવી યુનિવર્સિટી ખાતે નિયત સમયગાળામાં મોકલી આપે છે અને જે તે પાઠ્યક્રમમાં મળેલા સૂચનોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થી સત્રાંત પરીક્ષાની તૈયારી કરી શકે છે.

**5.5 સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમનો સમયગાળો :-**

સમાજકાર્યમાં સ્નાતક (BSW) 3 વર્ષ (6-સેમેસ્ટર)નો છે.

**5.6 સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમમાટે અધ્યાપકગણ :-**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીઓમાં સમાજકાર્યમાં સ્નાતક (BSW) વિભાગમાં નીચે મુજબની સમાજશાસ્ત્ર વિષયની ફેકલ્ટી જવાબદારી નિભાવે છે –

1. **ડૉ. નીતા વસાવા** : BSW & MSW કોર્સ કો-ઓર્ડીનેટર & આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય
2. **શ્રી આશિષ વસાવા** : આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય
3. **ડૉ. ઇશાની પટેલ** : આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય
4. **શ્રી નંદવીર આહિર** : આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય
5. **ડૉ. વિકાસ ટાંક** : આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય
6. **શ્રી અભિ દેસાઈ** : આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય

**5.7 સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમમાં ઉપલબ્ધ લક્ષ્યાંક સમૂહો સુધી પહોંચવાની વ્યવસ્થા :-**

સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ અંતર્ગત લક્ષ્યાંક સમૂહો સુધી પહોંચવા માટે અભિમુખતા શિબિર, વિદ્યાર્થી પ્રવેશ માટે પરિચય બેઠકો, ગ્રામ સંપર્ક, મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે બેઠકો, સંયોજક દ્વારા પોતાના વિસ્તારમાં જાહેરાત કરી વિદ્યાર્થીઓની સમાજકાર્યમાં સ્નાતક (BSW) વિષય અભિમુખતા કેળવવી.

**5.8 વિદ્યાર્થી સહાય સેવાઓ :-**

વિદ્યાર્થી સ્વ-અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરી શકે અને સમાજકાર્યમાં સ્નાતક (BSW) પાઠ્યક્રમમાં ઉદ્દભવતી મુશ્કલીઓઓનું નિવારણ થઈ શકે તે માટે વિદ્યાર્થીએ પસંદ કરેલ અભ્યાસકેન્દ્ર મહાવિદ્યાલય ખાતે સમાજકાર્યમાં સ્નાતક (BSW) વિષયના અનુભવી પરામર્શકની વ્યવસ્થા કરવામાં આવે

છે. દરેક વિદ્યાર્થી નિકટવર્તી તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય સેવા વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/emailથી સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

## 6. વિદ્યાર્થી પ્રવેશ, અભ્યાસક્રમ અને મૂલ્યાંકનની વ્યવસ્થા

### 6.1 વિદ્યાર્થી પ્રવેશ પાત્રતા :-

સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમમાં પ્રવેશની યોગ્યતા માટે કોઈપણ વિષયમાં ધોરણ - 12 (HSC) પાસ અથવા તેની સમકક્ષ.

### 6.2 વિદ્યાર્થી પ્રવેશ કાર્યવાહી :-

યુનિવર્સિટી પ્રવેશ શૈક્ષણિક સત્રોની વ્યવસ્થા

- ફેબ્રુઆરી થી જુલાઈ
- ઓગસ્ટ થી જાન્યુઆરી

### 6.3 સતત પ્રવેશ :-

યુનિવર્સિટી પ્રવેશ શૈક્ષણિક સત્રોની વ્યવસ્થા મુજબ નક્કી કરેલા શૈક્ષણિક ધારાધોરણ મુજબ નિયત સમય મર્યાદા ઉપરાંત લેટ ફી સાથે સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓને મેરીટને ધ્યાને લીધા વગર વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે છે. વધુમાં સમાજકાર્યમાં સ્નાતક (BSW) વર્ષ – 2 કે વર્ષ – 3ના શૈક્ષણિક પ્રવેશ માટે વિદ્યાર્થીએ ચાલુ શૈક્ષણિક વર્ષ પાસ કર્યું હોય કે ન કર્યું હોય તો પણ વિદ્યાર્થીને પ્રમોટી વર્ષમાં પ્રવેશ લેવાની વ્યવસ્થા BAOU કરી આપે છે.

**6.4 નાણાંકીય સહાય :-**

ગુજરાત રાજ્યમાં આવેલ મધ્યસ્થ જેલના કેદીઓ માટે અભ્યાસની નિ:શુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત રાજ્ય સરકારના ધારાધોરણ મુજબ વિવિધ વર્ગજૂથના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ – શિષ્યવૃત્તિ મળે તે માટેની જોગવાઈ છે.

**6.5 વિદ્યાર્થી પ્રવેશ રદ અંગેની પ્રક્રિયા :-**

યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ પ્રવેશ લાયકાતના ધોરણોથી વિપરીત સ્થિતિ હોય અથવા ગેરરીતિ કે વિદ્યાર્થી દ્વારા ધોરણસરની વાજબી રજૂઆત હોય એવા સંજોગોમાં નિયત ધારાધોરણ અનુસાર પ્રવેશ રદ કરવાની જોગવાઈ છે.

**6.6 અભ્યાસક્રમ સંચાલનની શૈક્ષણિક પ્રક્રિયા :-**

- ☆ **અભ્યાસ સામગ્રી :-** યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને અનુરૂપ સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસ સામગ્રી તૈયાર કરવામાં આવે છે. વિષયક્ષેત્રના તજજ્ઞો દ્વારા તૈયાર થયેલી અભ્યાસ સામગ્રી વર્ગખંડ વ્યાખ્યાનના વિકલ્પે, ઘરે બેઠાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જ્ઞાન પ્રાપ્તિના સરળ સંસાધન તરીકે ઉપયોગી થાય તે બાબતની અગ્રતા અને મહત્વ કેન્દ્રસ્થાને છે.
- ☆ **વિવિધ માધ્યમોનો ઉપયોગ :-** વર્ગ વ્યાખ્યાનોના વિકલ્પ રૂપે નામાંકિત તજજ્ઞો દ્વારા તૈયાર કરાવેલી સ્વ-અધ્યયન માટે છાપેલી સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસ-સામગ્રી દરેક વિદ્યાર્થીને આપવામાં આવે છે. વિદ્યાર્થી પોતાની ગતિ, શક્તિ, અનુકુળતા મુજબ પોતાની પસંદગીના સમયે અને સ્થળે અભ્યાસ કરી શકે છે. અભ્યાસપૂરક એવી દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો તથા રેડિયો ઉપર પણ કાઉન્સેલીંગ દ્વારા વિદ્યાર્થીઓને સમાજકાર્યમાં સ્નાતક (BSW) ની અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો હેતુ છે. આમ, યુનિવર્સિટી બહુમાધ્યમ શિક્ષણ પદ્ધતિની સુવિધા પૂરી પાડે છે.

☆ **પરામર્શન વર્ગો** :- સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસ સામગ્રીના અધ્યયનમાં ઉદ્દભવતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા અભ્યાસકેન્દ્ર ખાતે સમાજકાર્યમાં સ્નાતક (BSW)ના તજજ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક માટે પરામર્શન બેઠકો નિયત કર્યા અનુસાર યોજવામાં આવે છે.

☆ **સ્વાધ્યાય કાર્યો :-** સમાજકાર્યમાં સ્નાતક (BSW) પાઠ્યક્રમ દીઠ નિયત સ્વાધ્યાય કાર્યો પૂર્ણ કરી દરેક વિદ્યાર્થીએ સત્રાંત પરીક્ષા પહેલા રજૂ કરવાનું આવશ્યક છે. અભ્યાસકેન્દ્ર ખાતે આપેલા સમાજકાર્યમાં સ્નાતક (BSW) સ્વાધ્યાય કાર્યોનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ સાથે વિદ્યાર્થીને આગળ અભ્યાસક્રમમાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે વિદ્યાર્થીને પરત મળે છે.

**6.7 અભ્યાસક્રમની મૂલ્યાંકન પદ્ધતિ :-**

વિદ્યાર્થીઓના પ્રગતિના મૂલ્યાંકન માટે દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ અનુસાર ત્રિસ્તરીય અભિગમ અપનાવવામાં આવે છે.

☆ **સ્વ-મૂલ્યાંકન** :- સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસ સામગ્રીમાં નિયત મુદ્દાઓને અંતે ‘તમારી પ્રગતિ ચકાસો’ દ્વારા વિદ્યાર્થી પોતાનું સ્વ મૂલ્યાંકન કરતા જઈ અભ્યાસ આગળ ચાલુ રાખી શકે છે.

☆ **સતત મૂલ્યાંકન** :- સમાજકાર્યમાં સ્નાતક (BSW) પાઠ્યક્રમ માટે 30% ગુણ સ્વાધ્યાયકાર્યના તથા સત્રાંત પરીક્ષા 70% ગુણની રહેશે. જેમાં સત્રાંત પરીક્ષામાં પાસ થવાનું ધોરણ 36% રહેશે.

☆ **સત્રાંત મૂલ્યાંકન :-**

સત્રને અંતે લેવાતી સત્રાંત પરીક્ષા દ્વારા મૂલ્યાંકન થાય છે. જેના 70% ગુણ ભારાંક હોય છે.

☆ **પરીક્ષા :-**

- નોંધણી પછી અભ્યાસક્રમનો લઘુત્તમ સમયગાળો પૂર્ણ થયેલ હોવો જોઈએ.
- નિયત સ્વાધ્યાય કાર્યો નિશ્ચિત થયેલ સમયગાળામાં રજુ કરેલા હોવા જોઈએ.
- પરીક્ષા ફોર્મ નિયત સમયમર્યાદામાં ભરેલું હોવું જોઈએ.
- સેમેસ્ટર પદ્ધતિ મુજબ સત્રાંત પરીક્ષાનું આયોજન થાય છે.

## 7. સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ ગુણવત્તાની ખાતરી અને અપેક્ષિત પરિણામો

### 7.1 સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમ ગુણવત્તાની ખાતરી :-

સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમની ગુણવત્તાની ખાતરીને ધ્યાનમાં રાખીને સમાજકાર્યમાં સ્નાતક (BSW) વિભાગ વિવિધ સૈદ્ધાંતિક પ્રક્રિયાને ધ્યાનમાં રાખે છે સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમની રચના અને માળખું યુનિવર્સિટી દ્વારા પસંદ કરેલા વિષય નિષ્ણાતોની ટીમ સાથે શ્રેણીબદ્ધ ચર્ચાઓ અને વિચાર-વિમર્શ પછી નક્કી કરવામાં આવે છે. જે મોટે ભાગે પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થોના જાણીતા તજજ્ઞશ્રીઓની મદદ લઈ વિષય સમિતિ તથા વિભાગના અધ્યાપકોની મદદ લઈ પાઠ્યક્રમ એકમો તૈયાર કરી પાઠ્યક્રમનું પરામર્શન, ભાષા પરામર્શન, પ્રૂફ રીડીંગ કરી તમામ ગુણવત્તાઓને ચકાસીને પ્રિન્ટ મટીરીયલ તૈયાર કરી વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

### 7.2 સમાજકાર્યમાં સ્નાતક (BSW) અભ્યાસક્રમના અપેક્ષિત પરિણામો :-

→ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થી પોતાની કારકીર્દી આગળ ધપાવી શકે.

→ વિદ્યાર્થીને અને સમાજને જોવાનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે છે.

→ વિદ્યાર્થી સમાજકાર્યકર બની શકે

→ અભ્યાસ પૂર્ણ કર્યા પછી સરકારશ્રીની સમાજકલ્યાણની નોકરીઓ મેળવી શકે.

→ પોતાની ખાનગી સેવાક્ષેત્રની સંસ્થાઓ ખોલી વ્યક્તિત્વ વિકાસ તથા સમાજની સેવા કરી શકે.

→ સમાજની સામાજિક સમસ્યાઓને સમજી તેને નિવારવા પ્રયત્નો કરી શકે.

→ સમાજકાર્યકર તરીકે નામના મેળવી શકે.

**8. દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને અનુરૂપ અભ્યાસક્રમ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સ્થાપના વર્ષ 1994થી દૂરવર્તી શિક્ષણ પદ્ધતિથી ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રમાણપત્ર, પદવી તથા ડિપ્લોમા અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે. જે પૈકી સમાજકાર્યમાં સ્નાતક (BSW)નો આ અભ્યાસક્રમ દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને અનુરૂપ માળખું ધરાવે છે.

અભ્યાસસામગ્રી માટે પસંદ કરેલ પાઠ્યસામગ્રી ગુજરાત રાજ્યની અન્ય પરંપરાગત યુનિવર્સિટીઓમાં ઉપલબ્ધ અભ્યાસક્રમની ગુણવત્તાના સઘન અભ્યાસ અને સઘન વિચારણા બાદ પસંદ કરવામાં આવી છે. જેથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ સજ્જતા સિદ્ધ કરે.

**9. અભ્યાસક્રમનું માળખું :**

# સમાજકાર્યમાં સ્નાતક (Bachelor of Social work - BSW) (As per AUGUST - 2025)

# (ઓગસ્ટ – 2025થી અમલી)

| Sr. No. | Year/ Sem. | Paper Code | Name of Subject | Total Credit | Assignment | | | 70% of TEM/EXT Marks | Max Marks | Total Marks Obtained | CRS GRD |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | Assign. - 1 | Assign. - 2 | 30% of ACEM/INT | | | | |
| 1. | પ્રથમ વર્ષ Sem-1 | BSW - 101 | સમાજકાર્યનો મૂળભૂત પરિપ્રેક્ષ્ય (A Fundamental perspective of social work) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 2. | | BSW - 102 | સમાજકાર્ય: સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન (Social Work: Sociology and Psychology) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 3. | | BSW - 103 | પ્રાદેશિક ભાષા (ગુજરાતી/ હિન્દી/ સંસ્કૃત/ અંગ્રેજી) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 4. | | BSW - 104 | ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન (Field Work & Report Writing-I) | 04 | → 50 – Marks (Passing Marks: 18) Interal VIVA VOCE (LSC - Study Centre)<br>→ 50 – Marks (Passing Marks: 18) Exteral VIVA VOCE (Exam Centre) | | | | 100 | | A/B/C/D |
| 5. | પ્રથમ | BSW - 201 | સામાજિક વૈયક્તિક કાર્ય (Social Casework) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6. | વર્ષ<br>Sem-2 | BSW - 202 | સામાજિક જૂથ કાર્ય<br>(Social Group Work) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 7. | | BSW - 203 | સમાજકાર્ય અને સામાજિક વિજ્ઞાનોનો ખ્યાલ<br>(Concept of Sociology and Social Sciences) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 8. | | BSW - 204 | ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન<br>(Field Work & Report Writing-II) | 04 | → 50 – Marks (Passing Marks: 18) Interal VIVA VOCE (LSC - Study Centre)<br>→ 50 – Marks (Passing Marks: 18) Exteral VIVA VOCE (Exam Centre) | | | | 100 | | A/B/C/D |
| 9. | દ્વિતીય વર્ષ<br>Sem-3 | BSW - 301 | સામાજિક ક્રિયા અને સામુદાયિક સંગઠન<br>(Social Action and Community Organization) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 10. | | BSW - 302 | સમકાલીન સામાજિક સમસ્યાઓ અને સમાજકાર્ય<br>(Contemporary Social Problems and Social Work) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 11. | | BSW - 303 | માનવ અધિકાર અને ભારતીય બંધારણ<br>(Human Rights and Indian Constitution) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 12. | | BSW - 304 | ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન<br>(Field Work & Report Writing-III) | 04 | → 50 – Marks (Passing Marks: 18) Interal VIVA VOCE (LSC - Study Centre)<br>→ 50 – Marks (Passing Marks: 18) Exteral VIVA VOCE (Exam Centre) | | | | 100 | | A/B/C/D |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13. | દ્વિતીય વર્ષ Sem-4 | BSW - 401 | સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ (Research Methods in Social Work) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 14. | | BSW - 402 | સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ (Social Welfare and Legalisation) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 15. | | BSW - 403 | માનવ સંસાધન અને વ્યવસ્થાપન (Human Resources and Management) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 16. | | BSW-404 | ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન (Field Work & Report Writing-IV) | 04 | → 50 – Marks (Passing Marks: 18) Interal VIVA VOCE (LSC - Study Centre)<br>→ 50 – Marks (Passing Marks: 18) Exteral VIVA VOCE (Exam Centre) | | | | 100 | | A/B/C/D |
| 17. | તૃતીય વર્ષ Sem-5 | BSW - 501 | સમાજકાર્ય અને સંચારનો પરિચય (Introduction to Social Work and Communication) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 18. | | BSW - 502 | બાળકો, યુવાનો, મહિલાઓ અને વૃદ્ધો સાથે સમાજકાર્ય (Social Work with Children, Youth, Women and Elderly) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 19. | | BSW - 503 | દિવ્યાંગ વ્યક્તિઓ અને સમાજકાર્ય (Persons with Disabilities and Social Work) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 20. | | BSW - 504 | ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન (Field Work & Report Writing-V) | 04 | → 50 – Marks (Passing Marks: 18) Interal VIVA VOCE (LSC - Study Centre) → 50 – Marks (Passing Marks: 18) Exteral VIVA VOCE (Exam Centre) | | | | 100 (Passing Marks - 36) | | A/B/C/D |
| 21. | તૃતીય વર્ષ Sem-6 | BSW - 601 | આપત્તિ વ્યવસ્થાપન અને સમાજકાર્ય (Disaster Management and Social Work) | 04 | Total - 15 (Passing Marks - 06) | Total - 15 (Passing Marks - 06) | Total - 30 (Passing Marks - 12) | Total – 70 (Passing Marks - 25) | 100 | | A/B/C/D |
| 22. | | BSW - 602 | સંશોધન પ્રકલ્પ/ (Research Proposal) | 08 | → 100 – Marks (Passing Marks: 40) Interal VIVA VOCE (LSC - Study Centre) → 100 – Marks (Passing Marks: 40) Exteral VIVA VOCE (Exam Centre) | | | | 200 (Passing Marks - 72) | | A/B/C/D |
| 23. | | BSW - 603 | પ્રોજેક્ટ કાર્ય (Project Work) (VIVA VOCE Based on Field Work) | 04 | → 50 – Marks (Passing Marks: 18) Interal VIVA VOCE (LSC - Study Centre) → 50 – Marks (Passing Marks: 18) Exteral VIVA VOCE (Exam Centre) | | | | 100 (Passing Marks - 36) | | A/B/C/D |
| **TOTAL MARKS** | | | | | | | | | **2,400** | | **A/B/C/D** |